STERED No. G.R.J.-24

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

**PUBLISHED BY AUTHORITY**

VOL. XXXX ] TUESDAY, 9th FEBRUARY 1999/MAGHA 20, 1920 [ No. 6

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.**

## PART-II EXTRAORDINARY

**સુરત મહાનગરપાલિકા**

**નગર રચના યોજના સુરત નં.૩૧ (અડાજણ)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત.**

**અધિસૂચના**

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોકત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ ૪૨(૧) અને અધિનિયમના નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

ઉત્તરે : સુચિત નગર રચના યોજના, સુરત નં.૩૨(અડાજણ)

દક્ષિણે : નગર રચના યોજના, સુરત નં.૧૦(અડાજણ)

પુર્વે : નગર રચના યોજના, સુરત નં.૧૨(અડાજણ)

પશ્ચિમે : પાલ ગામની હદ

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યકિતઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફીસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજયપત્રમાં ઉપરોક્ત અધિસૂચનની પ્રસિધ્ધી થવાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યકિત આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે, તો કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

(એસ.જગદીશન)
કમિશનર
સુરત મહાનગરપાલિકા

સુરત.
તા. ૮-૦૨-૯૯

---

**સુરત મહાનગરપાલિકા**

<u>નગર રચના યોજના નં.૩૭ (અલથાણ–સાઉથ)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત</u>

## અધિસૂચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨(૧) અને અધિનિયમના નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

ઉત્તરે : સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં.૩૬(અલથાણ) તથા મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૨૮(અલથાણ–ભટાર)

દક્ષિણે : સુરત મહાનગરપાલિકાની હદ

પૂર્વે : ખાડી તથા સુરત મહાનગરપાલિકાની હદ

પશ્ચિમે : સુરત મહાનગરપાલિકાની હદ

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યકિતઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજયપત્રમાં ઉપરોક્ત અધિસૂચનની પ્રસિધ્ધ થવાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યકિત આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે, તો કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

(એસ. જગદીશન)
કમિશનર
સુરત મહાનગરપાલિકા

સુરત.
તા: ૮-૦૨-૯૯

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT. COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.